ગાંધીનગર સમાચાર



# ૨૦૧૬ની જાહેર રજાઓ

| જાહેર રજાઓ | તારીખ | વાર |
|---|---|---|
| મકરસંક્રાંતિ | ૧૪મી જાન્યુઆરી, ૨૦૧૬ | ગુરૂવાર |
| પ્રજાસત્તાક દિન | ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૬ | મંગળવાર |
| મહા શિવરાત્રી | ૭મી માર્ચ, ૨૦૧૬ | સોમવાર |
| ધૂળેટી | ૨૪મી માર્ચ, ૨૦૧૬ | ગુરૂવાર |
| ગુડ ફ્રાઈડે | ૨૫મી માર્ચ, ૨૦૧૬ | શુક્રવાર |
| ચેટીચાંદ | ૮મી એપ્રિલ, ૨૦૧૬ | શુક્રવાર |
| આંબેડકરનો જન્મદિન | ૧૪મી એપ્રિલ, ૨૦૧૬ | ગુરૂવાર |
| શ્રી રામ નવમી | ૧૫મી એપ્રિલ, ૨૦૧૬ | શુક્રવાર |
| મહાવીર જયંતિ | ૨૦મી એપ્રિલ, ૨૦૧૬ | બુધવાર |
| રમઝાન ઈદ | ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૧૬ | બુધવાર |
| સ્વાતંત્ર્ય દિન | ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૬ | સોમવાર |
| પારસી નૂતન વર્ષ દિન | ૧૭મી ઓગષ્ટ, ૨૦૧૬ | બુધવાર |
| રક્ષાબંધન | ૧૮મી ઓગષ્ટ, ૨૦૧૬ | ગુરૂવાર |
| જન્માષ્ટમી | ૨૫મી ઓગષ્ટ, ૨૦૧૬ | ગુરૂવાર |
| સંવત્સરી | ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬ | સોમવાર |
| બકરી ઈદ | ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૬ | સોમવાર |
| દશેરા | ૧૧મી ઓક્ટોબર, ૨૦૧૬ | મંગળવાર |
| મહોરમ | ૧૨મી ઓક્ટોબર, ૨૦૧૬ | બુધવાર |
| (૧) નૂતન વર્ષ (૨) સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન | ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૬ | સોમવાર |
| ભાઈબીજ | ૧લી નવેમ્બર, ૨૦૧૬ | મંગળવાર |
| ગુરૂ નાનક જયંતિ | ૧૪મી નવેમ્બર, ૨૦૧૬ | સોમવાર |
| ઈદ-એ-મિલાદ-ઉન્નબી | ૧૩મી ડીસેમ્બર, ૨૦૧૬ | મંગળવાર |



**વાયબ્રન્ટ નવરાત્રી** - રાજ્ય સરકાર અને ઔદ્યોગિક ગૃહો સંયુક્ત રીતે ગુજરાતની ઓળખસમા ગરબાનો ભવ્યાતીભવ્ય કાર્યક્રમ વાયબ્રન્ટ નવરાત્રીના નામે આયોજે છે... અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે... એક તરફ મંડપને આખરી ઓપ અપાય છે તો કલાકારોને તાલીમબદ્ધ રીતે તૈયાર કરાય છે... ૧૩મીએ સાંજે ભવ્યાતીભવ્ય શુભારંભ થશે...

# મેડીકલ કોલેજના નવ અધ્યાપકોને રાજ્ય સરકારમાં પરત મોકલાયા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મેડીકલ કોલેજમાં મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની નવી ગાઈડલાઈનનું અમલીકરણ કરતાં આજે નવ અધ્યાપકોને છુટા કરવામાં આવ્યા છે.

એનોટોમી, ફિઝીયોલોજી અને માઈક્રોબાયોલોજીના આ નવ અધ્યાપકો રાજ્ય સરકારમાંથી અહિ પ્રતિનિયુક્તી પર મુકવામાં આવ્યા હતા. આ નવ અધ્યાપકોને આજે કોલેજનો સમય પૂર્ણ થતાં તેમને ફરજ મુક્ત કરી અને રાજ્ય સરકાર હસ્તક પરત મુકવામાં આવ્યા છે.

ગાંધીનગર મેડીકલ કોલેજમાં અને સિવિલ હોસ્પિટલમાં થઈ ૧૩૫ જેટલા અધિકારીઓ હવે ફરજ બજાવશે.

મેડીકલ કોલેજના ડીન ડૉ. અરૂણ વ્યાસે જણાવ્યું હતું કે આ છુટા કરાયેલા અધ્યાપકોને હવે રાજ્ય સરકાર દ્વારા નિમણુંક આપવામાં આવશે. આ વહીવટીય પ્રક્રિયાનો ભાગ માત્ર છે.

ડૉ. વ્યાસે જણાવ્યુ હતુકે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ નવી માર્ગદર્શક સૂચનાઓ જારી કરી હોઈ તેનો અમલ કરવામાં આવી રહ્યો છે. અને તે મુજબ આ અધ્યાપકો વધમાં પડતાં તેમને છુટા કરાયા છે.

જે અધ્યાપકોને છુટા કરવામાં આવ્યા છે તેમાં એનોટોમીના ૪ અને માઈક્રોબાયોલોજીના ૨ તેમજ ૩ ફિઝીયોલોજી વિભાગના અધ્યાપક છે.

# ઉદ્યોગભવનના સંકુલમાં વિવિધ ૬ જગ્યાએ કાર પાર્કીંગ બનાવાશે

ગાંધીનગર તા ૯

નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ઉધોગભવનમાં રોજ બરોજ આડેધડ વાહનોનો ખડકલો થાય છે. પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થાના અભાવે કર્મચારીઓ અને મુલાકાતીઓએ હાલાકી વેઠવી પડે છે. ત્યારે ભવનના સંકુલમાં વિવિધ ૬ ઠેકાણે કાર પાર્કીંગ બનાવવા ટુંકમાં કામ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત અન્ડરગ્રાઉન્ડ પાર્કીંગનું પણ રીનોવેશન કરવામાં આવશે.

**અન્ડરગ્રાઉન્ડ પાર્કીંગનું પણ રીનોવેશન કરવામાં આવશે**

વિશાળકાય ઉધોગ ભવનમાં સમસ્યાઓનુ સામ્રાજય છે. ઉદ્યોગ ભવન સંકુલને ગંદકી અને પાર્કીંગની સમસ્યા ઘેરી વળી છે. ભવનમાં ટોઈલેટ બ્લોક તેમજ ડક્ટ રીનોવેશનનુ કામ પણ તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. ઉદ્યોગ ભવનના સંકુલમા છેલ્લા ઘણાં સમયથી પાર્કીંગની વ્યવસ્થા ખાડે ગઇ છે. તોંતિંગ બિલ્ડીંગમાં વિવિધ વિભાગની ૫૫ જેટલી

● અનુસંધાન પાન-૭ પર

# ભાદરવામાં ચૈત્ર આકાશે ચઢયો

## ગરમીનો પારો ૩૭.૫ ડીગ્રીએ : દિવસે અંગ દઝાડતી ગરમી અને સવારે ઠંડીનો ચમકારો



ગાંધીનગર તા ૯

શહેરમાં આકરા ઉનાળા જેવા તાપથી નાગરિકો ગરમીથી બેબાકળા બની ગયા છે. ભાદરવો તપતા દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીનો અહેસાસ નગરજનો કરી રહયા છે. ઉનાળાની શરૂઆતમાં ગરમીનો પારો ચઢતો હોય તેમ હાલ ગરમીના તીખા તેવરથી નગરજનો બેબાકળા બની રહયા છે. આજે પણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૭.૫ ડીગ્રી નોંધાયુ હતુ.

આસોની શીતળ રાત્રિના આગમન ટાંણે દિવસે મોસમનો મિજાજ વધુ ઉગ્ર બન્યો છે. ભાદરવાના અસહ્ય તાપના લીધે નગરજનો ચામડીને દાહ થાય તેવી ગરમી વેઠી રહયા છે . જેના પરિણામે બપોરના સમયે નગરના જનજીવન પર ગરમીની અસર વર્તાય છે. વળતા ચોમાસે ઉનાળા જેવી આકરી ગરમીથી

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૨૯નો યુવાન ડેન્ગ્યુમાં સપડાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાંથી આજે ડેન્ગ્યુનો વધુ એક કેસ પોઝીટીવ મળી આવતાં હવે આ રોગના દર્દીઓનો આંક ૨૧૫૨ પહોંચ્યો છે.

સેક્ટર-૨૯માં રહેતા શ્રી હાર્દિક વોરાને આજે ડેન્ગ્યુ પોઝીટીવ પરીક્ષણ દરમ્યાન જણાઈ આવેલ છે.

દરમ્યાન આજે તંત્રએ સે. ૨, ૬, ૨૧, ૨૯, ૨૫, ૨૬ માં પણ પોરા શોધવાની કામગીરી ચાલુ રાખી હતી. આજે તંત્રની ટીમોએ ૪૨૫૫ મકાનની મુલાકાત લઈ ૭૭૬૩ પાત્રોની ચકાસણી કરી હતી જે પૈકી ૧૩૬ પાત્રોમાંથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા.

**સતત ત્રીજા દિવસે પણ ૧૩૬ પાત્રોમાંથી ડેન્ગ્યુના બ્રિડીંગ મળતાં તંત્ર ચિંતાતુર બન્યુ**

સતત ત્રીજા દિવસે પણ એકસો કરતાં વધુ પાત્રોમાંથી મચ્છરોના બ્રિડીંગ મળતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. જો કે તંત્રએ પોરાનાશક કામગીરી યથાવત રાખવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળેલ છે.

જાહેર મિલ્કતો અને ખાનગી મિલ્કતોમાંથી હવે છુટા છવાયા બ્રિડીંગ મળી રહ્યા હોવાનું જણાવતાં તંત્રના સૂત્રો કહી રહ્યા છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે.

ગાંધીનગર શહેરમાંથી ડેન્ગ્યુના જે પોઝીટીવ કેસ મળ્યા છે તે બધા જ ટાઈપ-૩ના હોવાનું પણ તંત્રના સૂત્રોએ કબુલ્યુ છે. ગાંધીનગર શહેરના સે. ૨, ૩, ૫, ૩૦ના વિસ્તારો ડેન્ગ્યુ માટે વધુ સંવેદનશીલ હોવાનું તંત્રના સૂત્રોએ અગાઉ પણ સ્વીકારી લીધુ છે. જો કે હવે સે. ૬, ૨૯, ૨૪માંથી કેસો મળી રહ્યા છે.

તંત્રએ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પણ આગામી દિવસોમાં પોરાનાશક કામગીરી કરવાનો નિર્ણય કર્યો છે. આ ગ્રામ્ય વિસ્તારોમાં સોમવારથી સર્વેલન્સ માટે ટીમો જશે તેમ તંત્રના સૂત્રોનું કહેવુ છે.

# એન.આઈ.ડી. ખાતે જર્મન ફોટોગ્રાફીના પ્રદર્શનનો પ્રારંભ

ગાંધીનગર તા ૯

ડિડબલ્યુ આઈ એચ ન્યુ દિલ્હી તેમજ નેશનલ ઈન્સટીટ્યુટ ઓફ ડિઝાઈન દ્વારા સંયુકત ઉપક્રમે ગાંધીનગર ખાતે ઈન્ડો જર્મન ફોટોગ્રાફીના પ્રદર્શનનુ આયોજન કરવામાં આવ્યુ છે. તા ૧૦થી ૧૮ ઓકટોબર દરમિયાન આ એકઝિબિશનમાં ખ્યાતનામ જર્મન ફોટોગ્રાફર વોફ ગેન્ગ ઝુર્બોન દ્વારા ફોટોગ્રાફીના માસ્ટર કલાસીસ ધ થિયેટર ઓફ રીયલ લાઈફ દરમિયાન લેવામાં આવેલા ફોટોગ્રાફસ પણ જોવા મળશે.આ પ્રદર્શનના માધ્યમથી ભારત અને જર્મનના આંતરરાષ્ટ્રીય સંબંધો પણ સહયોગી હોવાનો ચિતાર રજુ કરવામાં આવ્યો છે. આ પ્રદર્શનનુ આજે ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ.

આ ફોટોગ્રાફીમાં ભારતમાં રોજિંદા જીવનમાં થતા કામોનુ વર્ણન કરવામાં આવ્યુ છે. ભારતીય ફોટોગ્રાફર્સ દ્વારા માસ્ટર કલાસીસ દરમિયાન લેવાયેલા ફોટોને વોફગેન્ગેના પ્રેરણાંદાયક પ્રદર્શનમાં મુકવામાં આવ્યા છે. ફોટોગ્રાફી દરેકને શહેરી જીવનમાં શેરીઓની ભાવનાત્મક પળો, કર્મ રાશિ અને આર્કિટેક્ચ્યુરલ સ્પેસ પ્રત્યે તુરંત પ્રતિક્રીયા આપવા તક આપે છે. પ્રદર્શનમાં રજુ થયેલી ફોટાગ્રાફી દ્વારા રોજીંદા જીવનનો ખ્યાલ રજુ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમ ઝુબોર્ને જણાંવ્યુ છે. આજે બપોર ૩ કલાકે એન આઈ ડીના ડીરેકટર પ્રદયુમન વ્યાસ ગ્રાબીલ બોનર રીશી સિંઘલ ડો એલેકઝાન્ડર પી હેન્સનની હાજરીમાં ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ.

## કુડાસણની આવાસ યોજનાના ફોર્મ સ્વીકારવાની મુદત વધારાઇ

ગુડા દ્વારા કુડાસણમાં મધ્યમવર્ગના પરિવારજનો માટે નવી આવાસ યોજના તૈયાર કરવામાં આવનાર છે. જયારે આ આવાસ યોજનાને અનુલક્ષીને હાલ ગુડાની કચેરી દ્વારા ફોર્મનુ વિતરણ કરવામાં આવી રહયુ છે. જયારે ફોર્મ વિતરણની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. ગુડા દ્વારા ફોર્મ વિતરણ હવે આગામી તા ૩૦ ઓકટોબર સુધી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જયારે ફોર્મ સ્વીકારવા માટે પણ મુદત લંબાવી તા ૧૦ નવેમ્બર સુધીનો સમય નિયત કરવામાં આવ્યો છે.

## બેસણું



મારા ધર્મપત્ની **શ્રીમતી શ્યામાબેન ઉમેશચંદ્ર ગુપ્તા** તા. ૮/૧૦/૨૦૧૫ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરું. **સદ્દગતનું બેસણું અમારા નિવાસસ્થાને તા. ૧૦/૧૦/૨૦૧૫ને શનિવાર સવારે ૯ થી ૧૨ કલાકે** રાખેલ છે.

સ્થળ : ગુપ્તા સદન, પ્લોટ નં. ૨૩/૨, સેકટર-૧૪, ગાંધીનગર. મો. :૯૮૨૫૦ ૩૫૪૧૮

| | |
|---|---|
| ઉમેશચંદ્ર રાજારામ ગુપ્તા | પંકજ ઉમેશચંદ્ર ગુપ્તા (પુત્ર) |
| (નિવૃત્ત એરફોર્સ ઓફીસર) | રાજીવ ઉમેશચંદ્ર ગુપ્તા (પુત્ર) |
| (ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ) | સંજીવ ઉમેશચંદ્ર ગુપ્તા (પુત્ર) |

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

એસ્ટ્રો કન્સલટન્સી
જ્યોતિષ અને પરામર્શ દ્વારા તમામ પ્રકારની સમસ્યાઓનો સચોટ ઉકેલ કરી આપવામાં આવશે.
મો. ૯૫૧૨૮૯૨૯૨૨, ૯૫૧૨૮૯૨૭૬૯

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર
ગુજરાત ખાદી ૨૫ % વળતર
ગુજરાત ખાદી તૈયાર કપડાં ૨૫ % વળતર
પરપ્રાંત ખાદી ૧૫ % વળતર
પરપ્રાંત ખાદી તૈયાર કપડાં ૧૫ % વળતર
રેશમ ખાદી ૧૫ % વળતર
વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્સ, બાજઠ, ચંપલો, ગ્રામોધોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ



ખાદી ગ્રામોધોગ ભવન
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩
ગૃહ વસ્તુ ભંડાર
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૭૬૧



સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦
નોંધ : તા. ૧૧/૧૦/૨૦૧૫ને રવિવારના રોજ કેન્દ્ર ચાલુ રહેશે.

Since 1986
अभय
ISO 9001:2008
• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars
Y.A. Mansuri M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
ABHAY DECORATORS FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE Plot No. E-192, 193, 194 B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar. Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com